## બાયડ નગરપાલિકાને રાજ્ય સરકાર દ્વારા વિકાસના કામો માટે રૂા.૫૦ લાખનો ચેક અપાયો

**મુખ્યમંત્રીના હસ્તે નગરપાલિકા પ્રમુખને ચેક અપાતાં બાયડમાં ખુશાલી**



શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ ગુજરાત સરકાર દ્વારા આઝાદીનો અમૃત મહોત્સવ અંતર્ગત બુધવારે મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે મુખ્ય મંત્રીની ઉપસ્થિતિમાં મહાનગરપાલિકા તેમજ નગરપાલિકાઓને રૂા.૧૧૮૪ કરોડના ચેક અર્પણ અંગેનો સમારોહ યોજાઈ ગયો જેમાં બાયડ નગરપાલિકાને રૂા.૫૦ લાખનો ચેક મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અપાતાં બાયડ સહિત નગરમાં ખુશાલી જોવા મળી હતી. પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યની ભાજપ સરકાર દ્વારા શહેરી વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વધુ ને વધુ ગ્રાન્ટ ફાળવવામાં આવી રહી છે. તા.૨૭ના રોજ ગાંધીનગરમાં આયોજીત કાર્યક્રમમાં બાયડ નગરપાલિકા પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પી. પટેલ, ચીફ ઓફીસર સાવિબેન સોનીને મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં રૂા.૫૦ લાખનો ચેક વિકાસના કામો માટે આપવામાં આવતાં બાયડ પાલિકા વિસ્તારમાં અનેક વિકાસના કામો હાથ ઉપર લેવાશે. રાજ્યની ૬ નગરપાલિકાઓના પ્રમુખને મુખ્ય મંત્રી દ્વારા તેમના હસ્તે ચેક આપવામાં આવ્યા હતા જેમાં બાયડ પાલિકાનો સમાવેશ થતાં મુખ્ય મંત્રીનો આભાર માનવામાં આવ્યો હતો.

## પ્રાંતિજના તાજપુર કુંડી તળાવ પાસેથી વહેલી સવારે યુવતીની લાશ મળી



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના તાજપુર ચંદ્રાલા માર્ગ ઉપર આવેલ કુંડી તળાવ પાસેથી વહેલી સવારે દવાપીધેલી હાલતમા અજાણી યુવતી ની લાશ મળતા લોકો ના ટોળેટોળા ધટના સ્થળે દોડી આવ્યા હતા. પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામનજીક આવેલ કુંડી તળાવ પાસે વહેલી સવારે દવાપીધેલી હાલતમા અંદાજે ૨૫ વર્ષ ની યુવતીની લાશ મળી હતી જેને લઈ ને આજુબાજુમા રહેતા લોકો સહાય ગામજનો ધટના સ્થળે દોડી આવ્યા હતા અને પ્રાંતિજ પોલીસ ને જાણ કરવામા આવી હતી અને પ્રાંતિજ પોલીસ પણ સમાચાર મળતા તાત્કાલિક ધટના સ્થળે દોડી આવી હતી તો મુતક યુવતી પાસે દવાની બોટલ તથા પાણીની બોટલ મળી આવીહતી અને મૃતક યુવતી ના હાથ ઉપર લખેલ ટેટુ ના આધારે પરિવાર ની ઓળખ થઈ હતી જેમા મૃતક યુવતી પ્રાંતિજ તાલુકાના મજરા ગામની આરતી બેન માધાભાઈ ડાભી ઉ.વર્ષ અંદાજે-૨૫ અને અગાઉ મૃતક યુવતી ના લગ્ન થયા હતા અને છૂટાછેડા થયેલ અને મજરા ખાતે રહેતા તેના પિતા ના ધરે રહે છે અને આગલા દિવસે સાંજે પાંચ વાગ્યા ની આસપાસ તે પોતાના પિતાના ધરેથી નિકળી ગઈ હોઈ અને અહી તળાવ પાસે આવીને ઝેરી દવા પીધી તેવુ પ્રાથમિક તપાસ મા જાણ મલ્યુ હતુ તો પ્રાંતિજ પોલીસે મૃતક યુવતી ની લાશ ને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે મોકલી આપવામા આવી હતી અને આગળની વધુ તપાસ હાથ ધરવામા આવી છે. મૃતક યુવતી આરતી બેન ના લગ્ન ગોધરા ના અમરાપુરા ખાતે ગામે સમાજ માજ થયા હતા પણ ૧૫ દિવસ પહેલાજ છુટાછેડા થયા હતા અને મૃતક યુવતી પોતાના પિતા ના ધરે રહેતી હતી

## ડીસામાં આઉટ સોર્સિંગ નાબુદી અને પગાર વધારાની માંગ સાથે આવેદનપત્ર




સમગ્ર ગુજરાતમાં આઉટ સોર્સીગથી કામ કરતા કર્મચારીઓએ સરકારના ધારાધોરણ મુજબ પગારની માંગ સાથે ડીસા નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી.ગુજરાતની તમામ સરકારી કચેરીઓમાં આઉટ સોર્સીગથી ફરજ બજાવતા કર્મચારીઓને સરકારના ધારાધોરણ મુજબ ૧૧ થી ૧૫ હજાર જેટલો પગાર ચૂકવવાનો થાય છે પરંતુ આઉટ સોર્સીગ કર્મચારીઓને કમ્પનીઓ દ્વારા માત્ર ૭૬૦૦ જેટલો પગાર આપવામાં આવે છે જે લઘુતમ વેતન ખુબજ ઓછું છે તેમજ લાંબા સમયથી પગાર વધારો પણ કરવામાં આવ્યો નથી તેમજ કમ્પનીઓ દ્વારા મહિનામાં આવતી રજાનો પણ પગાર કાપી દેવામાં આવે છે જેથી આ મામલે ડીસામાં આઉટ સોર્સીગથી કામ કરતા કર્મચારીઓએ નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવી લઘુતમ ધારા હેઠળ પગાર ચુકવવામાં આવે તેવી માંગ પણ કરી હતી.

## જન્મદિને વધામણી



પ્રિતેશ બી.દરજી
બાયડ જીલ્લો અરવલ્લી



જગદીશભાઈ પંચાલ
રડોદરા તા બાયડ



હિરલ બેન તુષારભાઈ ઉપાધ્યાય
બાયડ જીલ્લો અરવલ્લી



મિત્તલ શાહ
ટેક્સાસ



પ્રતીક દરજી
ચોઇલા તા. બાયડ



કિસન અલ્પેશભાઈ પટેલ
સરસોલી તા. બાયડ

**પાણીની સમસ્યા નથી તેવું કહેતા તંત્રની પોલ ખોલતાં વરવાં દ્રશ્યો**

# ખેડબ્રહ્માના ભરમીયામાં ૩૦૦ લોકોની વસતી ધરાવતા ફળીયામાં પાણીનો પોકાર

**નવામોટા ગામે પણ પાણી માટે મહિલાઓની પળોજણ : હેન્ડપંપ કે બોર ન હોવાથી પાણી માટે બાળકો સાથે મહિલાઓનો રઝળપાટ**







બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

સાબરકાંઠા બહુમાળી ભવનમાં પાણીની સમસ્યાના નિવારણ માટે દર સપ્તાહે બેઠકો યોજાય છે પરંતુ આ માત્ર દેખાડો સાબિત થઈ છે. ખેડબ્રહ્માના ભરમીયા સહિત આસપાસના અનેક ગામડાઓમાં પીવાના પાણી માટે પાણીપત જેવી સ્થિતિ ઉભી થઈ છે. ભરમીયા ગામના માતાફળીયામાં માત્ર ૩૦૦ લોકોની વસતી હોવા છતાં તરસ છીપાવા માટે ૧ થી દોઢ કી.મી. દૂર રઝળપાટની સ્થિતિ સામે આવી છે. પીવાના પાણી માટે વરવા દ્રશ્યોએ સરકારી તંત્રના ખોખલા દાવાનો પર્દાફાશ કર્યો છે. પાણી પુરવઠા વિભાગની સરીઆમ નિષ્ફળતાનો આ પુરાવો છે. સત્વરે આ વિસ્તારોમાં ટેક્કર મારફતે પાણી પુરુ પાડવામાં નહીં આવે તો પાણી માટે યુદ્ધ જેવી સ્થિતિ નિર્માણ પામી શકે છે.

આદિવાસી વિસ્તારોમાં નલ સે જલ યોજના સંપૂર્ણ નિષ્ફળ નિવડી છે. લાખો રુપિયાના આંધણ પછી અંતરીયાળ આદિવાસી વિસ્તારોમાં ઘેર ઘેર પાણી પહોંચાડવા માટે ટાંકા અને સંપ તૈયાર કરવામાં આવ્યા પરંતુ પ્રજાના નસીબમાં નળથી પાણી આવવું સ્વપ્ર બન્યું છે. ખેડબ્રહ્મા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળાના આરંભ સાથે પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભવી છે, પાણી માટે મહિલાઓને સીમાડામાં ભટકવાનો વારો આવ્યો હોવા છતાં એ.સી. ચેમ્બરમાં બેસી ઠંડા પાણીના ઘૂંટડા ભરતા અધિકારીઓ પાણીની ક્યાંય સમસ્યા નથી તેવી વાતો કરી રહ્યા છે પરંતુ ઓફીસ છોડીને ગામડાઓમાં જઈ સ્થળ તપાસ કરે તો સાચી સ્થિતિનો તાગ મળી શકે તેમ છે. તાલુકાના ભરમીયાના માતાફળીયા વિસ્તારમાં રહેતા ૩૦૦ થી વધુ લોકોની વસતીમાં પીવાના પાણીની સગવડ માટે તંત્રએ હેન્ડપંપ પણ તૈયાર કરાવ્યો નથી જેથી વર્તમાન ઉનાળામાં મહિલાને પાણી માટે પસીનો પડી રહ્યો છે. સવારથી મહિલાઓ અને બાળકીઓ માથે બેડાં લઈ દૂર આવેલા ખેતરના એક કૂવા ઉપર કતારો લગાવે છે જેમાં વારાફરતી નંબર આવે તે પ્રમાણે કૂવામાંથી રાસ દ્વારા પાણી ખેંચવું પડતું હોય છે. પાણીની સમસ્યા વિકટ બનતાં કેટલીક મહિલાઓ તો પોતાના બાળકોને કેડમાં તેડી પાણી માટે સીમાડામાં રઝળપાટ કરતી હોવાના દ્રશ્યો નઘરોળ તંત્રને કેમ નહીં દેખાતા હોય તેવા સવાલો પૂછાઈ રહ્યા છે. નલ સે જલ તો ઠીક પરંતુ ફળીયામાં એક હેન્ડપંપ પણ ગોઠવામાં આવ્યો નથી જ્યારે પીવાના પાણીની અન્ય કોઈ સવગડ ન હોવાથી ફળીયાની મહિલાઓને રોજ સવારથી સાંજ સુધી પાણીની જરુરીયાત પૂરી કરવા માટે દોડવું પડતું હોય છે. તંત્ર દ્વારા છેલ્લા ઘણા સમયથી માતાફળીયા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા સ્થાનિક રહીશો ભોગવી રહ્યા છે ત્યારે પીવાના પાણીના થઈ રહેલા આયોજનમાં એકાદ હેન્ડપંપ મંજૂર કરવામાં આવે તો સ્થાનિક રહીશોની પાણીની સમસ્યાના નિવેડો આવી શકે છે. તાલુકાના નવા મોટા ગામે પણ પાણીની યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. જલ સે નલ યોજના પાછળ લાખોના ખર્ચા કરવામાં આવ્યો છે પરંતુ નળ થી પાણી ઝાંઝવાના જળ જેવું બન્યું છે. પાણી માટે સ્થાનિક મહિલાઓ અને યુવતીઓ સવારથી જ ખેતરના બોર ઉપર લાઈનો લગાવતી હોય છે.

### નિષ્ફળ તંત્ર બાળકોની દયા ખાય....

ખેડબ્રહ્માના ભરમીયા, નવામોટા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા સામે આવી છે. મહિલાઓ પોતાના બાળકોને ધોમધખતા તાપમાં કેડે બેસાડી પાણી માટે વલખાં મારતાં જોવા મળી રહ્યાં છે ત્યારે નિષ્ફર તંત્ર મહિલાઓ તો ઠીક પરંતુ બાળકોની દયા ખાશે કે કેમ..?? તેવા સવાલ થઈ રહ્યા છે.

**જિલ્લાના પ્રથમ નાગરિક, જિલ્લા પંચાયત પ્રમુખની ફરિયાદથી તપાસ શરુ**

# અરવલ્લી આરોગ્ય અધિકારીનો અનહદ ભ્રષ્ટાચાર, ગાંધીનગરની ટીમો દ્વારા તપાસ

**કોરોનામાં સામગ્રી ખરીદવા તેમજ કર્મચારીની નિમણૂંકમાં અનહદ ભ્રષ્ટાચારના ગંભીર આરોપ**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

અરવલ્લી જિલ્લા પંચાયતમાં ભ્રષ્ટાચારે માજા મૂક્યાના આરોપ ખુદ જિલ્લાના પ્રથમ નાગરિક, જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા સરકાર સમક્ષ કરાયા પછી અરવલ્લી આરોગ્ય અધિકારીના કોરોના સમયે સામગ્રી ખરીદી અને કર્મચારી ભરતીમાં અનહદ ભ્રષ્ટાચારની ગાંધીનગરથી આવેલા ૬ સભ્યોની ટીમોએ બુધવારથી તપાસ હાથ ધરતાં જિલ્લા પંચાયત સંકુલમાં હલચલ મચી ગઈ છે. તપાસ દરમ્યાન અનેક અધિકારીઓના પગ નીચે રેલો આવવાની દહેશત વ્યક્ત કરવામાં આવી છે.

ભાજપ શાસિત અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ હિંમતસિંહ ચૌહાણે રાજ્યના આરોગ્ય મંત્રીને જિલ્લા આરોગ્ય અધિકારીના ભ્રષ્ટાચાર અંગે બે પાનાનો સ્ફોટક પત્ર લખ્યો હતો જેમાં અરવલ્લી જિલ્લા પંચાયતમાં હાલમાં ફરજ બજાવતા જિલ્લા આરોગ્ય અધિકારી આર.જી. શ્રીમાળીએ ખુબ જ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરેલ હોવાનું માલુમ પડયું છે જેમાં કોવિડ-૧૯ની મહામારીમાં માસ્ક, સેનેટાઈઝર, હેન્ડ ગ્લોઝની ખરીદીની ગ્રાન્ટ તાલુકા આરોગ્ય અધિકારીને ગ્રાન્ટ ફાળવી ખરીદીમાં કરેલા ભ્રષ્ટાચાર, કોવિડ-૧૯ની મહામારી દરમ્યાન રમડેસિવર ઈજેશના ખાનગી હોસ્પિટલને ફાળવી દરેક ઈજેક્શનના ૨૦૦૦ રુ લઈ ફાળવ્યા હતા. જિલ્લામાં ૬ થી ૭ હજાર ઈજેકશન ખાનગી હોસ્પિટલને ફાળવવામાં આવ્યા હતા. જિલ્લા આરોગ્ય અધિકારીઓ તાલુકા આરોગ્ય અધિકારીની કચેરી મારફતે માસિક ૨ ૫૦ હજાર પ્રમાણે હપ્તા ઉઘરાવવા તેમજ જિલ્લાની ખાનગી હોસ્પિટલો પાસેથી સોનોગ્રાફી મશીન તેમજ અન્ય આરોગ્ય સુવિધા માટે ટી.એચ., મારફતે હપ્તા ઉઘરાવ્યા અંગેની ફરિયાદ આરોગ્ય મંત્રીને કર્યા પછી તપાસનો ધમધમાટ શરુ થયો છે જેમાં આરોગ્ય વિભાગના નાયબ નિયામક ટી.કે.સોની, મદદનીશ નિયામક વડાલીયા તેમજ નિવૃત્ત વહીવટી અધિકારીઓ સહિત ૬ સભ્યોની ટીમોએ અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારી સામે થયેલા આક્રોપોની તપાસ કરતાં ખળભળાટ મચી ગયો છે.






### ભાજપ શાસિત જિલ્લા પંચાયત પ્રમુખના આરોપોથી સૌપો..

જિલ્લા પંચાયતના ઈતિહાસમાં પ્રથમ એવા પ્રમુખ જોવા મળ્યા જેમને આરોગ્ય વિભાગમાં ચાલતા ભ્રષ્ટાચાર અંગે બે પાનાનો પત્ર રાજ્યના આરોગ્ય મંત્રીને મોકલ્યો હતો અને તેની તપાસ કરવાની માંગ કરી હતી. ભાજપ શાસિત જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણના આરોગ્ય વિભાગના મુખ્ય અધિકારી સામેના આક્ષેપોથી સમગ્ર જિલ્લામાં સોપો પડી ગયો છે.

### કર્મચારીઓની નિમણૂંકમાં ભ્રષ્ટાચારના ગંભીર આરોપ...

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખે રાજ્યના આરોગ્ય મંત્રીને ભ્રષ્ટાચાર અંગે કરેલી લેખિત ફરિયાદમાં જણાવ્યું છે કે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આર જી .શ્રીમાળીએ લેબટેકનિશીયન તેમજ ફાર્માસીસ્ટ અને એજન્સી મારફતે આઉટ સોર્સથી જે કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવ્યા છે તેમના હસ્તકના આરોગ્ય કર્મચારી મારફતે ૨૫ થી ૩૫ હજારની રકમના ઉઘરાણા, આરોગ્યની જુદી જુદી કામગીરી માટે ભાડેથી વાહનો ખરીદવા માટે એજન્સી મારફતે માસિક ૨ થી ૫ હજારના હપ્તા ઉઘરાવવા, આઉટ સોર્સથી જુદી જુદી કેડરના આરોગ્ય કર્મચારીઓની નિમણૂંક બાબતે નાણાંકીય વ્યવહાર તેમજ આરોગ્ય શાખાની કોઈપણ ખરીદી માટે જેમ પોર્ટલ કે ટેન્ડર દ્વારા નક્કી કરેલ હોય તે એજન્સી પાસેથી મોટા પ્રમાણમાં નાણાં ઉઘરાવવાં અને આરોગ્ય શાખામાં છે ૨૫ હજારની મર્યાદામાં દરેક ખરીદીમાં જેમ પોર્ટલ મારફતે અગાઉવાળી એજન્સી મારફતે હપ્તા ઉઘરાવી ભ્રષ્ટાચાર કર્યા અંગેની ફરિયાદ સમગ્ર જિલ્લાના આરોગ્ય વિભાગમાં સન્નાટો લાવી દીધો છે.

### ગંભીર ફરિયાદો મળતાં રજૂઆત કરી - જિલ્લા પંચાયત પ્રમુખ

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણે જણાવ્યું કે જિલ્લા આરોગ્ય અધિકારીએ ભ્રષ્ટાચારની તમામ સીમાઓ વટાવી દીધી હોવાની અનેક લોકોની મને ફરિયાદ મળ્યા પછી પક્ષ તેમજ સરકારને તેની લેખિતમાં જાણ કરી છે અને તે સંદર્ભે તપાસ શરુ થઈ છે.

### તપાસ અધિકારીઓ જિલ્લા પંચાયત પ્રમુખનું નિવેદન નોંધશે...

સાબરકાંઠાના પૂર્વ આરોગ્ય અધિકારી ડ.મનિષ ફેન્સીના ભ્રષ્ટાચાર સામે તપાસ શરુ થયા પછી વધુ એક આરોગ્ય અધિકારી સામે અરવલ્લી જિલ્લામાં તપાસ શરુ થઈ છે. ભ્રષ્ટાચારની ફરિયાદ કરનાર જિલ્લા પંચાયત પ્રમુખનું તપાસ અધિકારીઓ નિવેદન નોંધવાના છે પરંતુ બુધવારે જિલ્લા પંચાયત પ્રમુખ બહાર હોવાથી નિવેદન નોંધાયું ન હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# ગણપત યુનિવર્સિટીમાં 'વર્લ્ડ ઈન્ટેલેક્ચુઅલ-ડે'ની ઉજવણી

**'એસેસમેન્ટ ઓફ રિસર્ચ ઈન વ્યુ ઓફ પેટેન્ટેબિલિટી' - વિષય પરના વર્કશોપમાં ગણપતભાઈપટેલે નવા નવા સંશોધનો કરવા અને તેની પેટન્ટ લેવા સંશોધકોને આહવાન કર્યું ! : વિવિધ ફેકલ્ટીના ૫૭ જેટલા અભ્યાસુઓએ ઉપસ્થિત રહી જ્ઞાનનો લાભ લીધો**

ગણપત વિદ્યાનગર, તા. ૨૮

ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ફાર્મસીની એસ.કે. પટેલ કૉલેજ ઓફ ફાર્મસ્ટિયુટિકલ એજ્યુકૅશન એન્ડ રિસર્ચ દ્વારા ૨૬મી એપ્રિલે એક દિવસીય નેશનલ લેવલના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષની ૨૬મી એપ્રિલના રોજ દુનિયાભરમાં ઉજવાતા 'વર્લ્ડ ઈન્ટેલેક્ચુઅલ-ડે' ની ઉજવણીના ભાગ રુપે યોજાયેલ આ એક દિવસીય નેશનલ લેવલના વર્કશોપનો વિષય હતો - 'એસેસમેન્ટ ઓફ રિસર્ચ ઈન વ્યુ ઓફ પેટેન્ટેબિસલિટી.' ગણપત યુનિવર્સિટીના અન્ય બે પ્રકલ્પ SSIP અને IIC(સ્ટુડન્ટ્સ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશ પોલિસી તેમજ ઈન્સ્ટિટયુટ ઈનોવેશન કાઉન્સિલ) દ્વારા પ્રોત્સાહિત આ વર્કશોપ યુનિવર્સિટીના વિવિધ ફેકલ્ટી અને વિવિધ અભ્યાસક્રમોના ૫૭ જેટલા અભ્યાસુઓ અને સંશોધકોએ ભાગ લીધો હતો.

આ વર્કશોપના ઉદ્ઘાટન સમારોહમાં યુનિ.ની ફાર્મસી ફેકલ્ટીના એક્ઝિ. ડીન અને ફાર્મસી કૉલેજના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. એસ.એસ. પંચોલીએ સૌ સહભાગીઓનું સ્વાગત કર્યું હતું. તો સાથે સાથે આમંત્રિત મહેમાન મહાનુભાવોનો સૌને પરિચય કરાવ્યો હતો. ગણપત યુનિવર્સિટીના રિસર્ચ ડાયરેકટર પ્રો.ડો. અજય ગુપ્તાએ વર્કશોપના આયોજનનો હેતુ અને તેની ઉપયોગિતા સમજાવી હતી. ગુજરાતની ખ્યાનતામ કંપની વાય.જે. ત્રિવેદી એન્ડ કંપનીના સીનીયર પાર્ટનર ને પેટન્ટ - ડિવિઝનના હેડ ગોપી ત્રિવેદીએ સમારંભના મુખ્ય મહેમાન તરીકે સૌને સંબોધતા 'ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી રાઈટ્સ' વિષે તેમજ સંશોધનમાં અને વ્યાપાર - બજારમાં તેનું શું મહત્ત્વ છે તેના વિષે વિગતવાર માહિતી, માર્ગદર્શન અને પ્રેરણા પૂરાં પાડ્યાં હતાં.





ગણપત યુનિવર્ષિટીના પ્રો. ચાન્સેલર અને ડાયરેકટર જનરલ પ્રો.ડૉ. મહેન્દ્ર શર્માએ આ કાર્ય-શિબિરની સફળતા અનો સાર્થકતા માટે સહભાગીઓને આશીર્વાદ - શુભેચ્છા પાઠવ્યા હતા. ગણપત યુનિવર્સિટીના પેટ્રન-ઈન-ચીફ અનો પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ (દાદા) એ એમના પ્રમુખીય પ્રવચનમાં ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓ - સંશોધકોને વધુ ને વધુ સંશોધનો કરવા અને તે માટેની પેટન્ટ રજીસ્ટર કરવા માટે આહવાન આપ્યું હતું. ચાર જેટલા વિવિધ નિષ્ણાતોએ કોઈ પણ શોધ - સંશોધન તેની 'પેટન્ટેબિલિટી' ના સંદર્ભે 'એસેસ' કરવાની બાબતે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. દિપ્તી પટેલે આભારવિધિ કરી હતી તો વર્કશોપના કૉ. કન્વિનર ડૉ. પરેશ પટેલે આયોજનને સફળ બનાવવા ભારે જહેમત લીધી હતી.